





બધી બેંકોએ આંખ મીંચીને ઉધાર આલ્યા છે!
ગરીબ પ્રજાના પરસેવાના પૈસા ઘાલ્યા છે,
ફૂલ્યા-ફાલ્યા ને પાલ્યા અજગર કિંગફિસર -
નાહ્યા કરોડોમાં બેન્કો, સાબુ વિજય-માલ્યા છે..
(ભારતમાં આવા જ ચાલ્યા છે)

ન્યાય 'નાકે' થી
નિકળી જાય 'હાથી'
અટકે પૂંછ!
(માયાવતી ને રાહત)

રીંગણા લઉં?!
મોદીની વાડી માંથી?!
- લે ને અબજ!!
(દલા સાંઘાણી)




## ચિંતન

**અવજ્ઞાનાત્પ્રાજ્ઞો ભવતિ મતિહીનઃ પરિજન સ્વતસ્તત્પ્રામાણ્યાદ્‌ભવતિ ન સમીપે બુધ્ધજનઃ ।**
**બુધૈસ્ત્યકતે રાજ્યે ન હિ ભવતિ નીતિર્ગુણવતી વિપન્નાયાં નીતૌ સકલમવશં સીદતિ જગત ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' માંથી લેવામાં આવ્યો છે :-

'જો ડાહ્યા રાજસેવકનું વારંવાર અપમાન થયા કરે તો માણસ મતિ વિનાનો થઇ જાય છે, વળી તે જ રાજસેવકનો મોભો-માન-સ્વમાન પણ અન્યોની નજરે નીચો પડી જાય છે. ઓછો થઇ જાય છે આવું અપમાન અને અનાદર જોઇને આવા રાજા પાસે બીજો કોઇ ડાહ્યો રાજસેવક આવતો નથી કે હોય તો પણ (દિલ્હી ડેપ્યુટેશનની વ્યવસ્થા ગોઠવી રાજ્ય બહાર) ચાલ્યા જાય છે રાજ્યમાં રહેતો નથી.'

જયારે રાજયમાં બુધ્ધિજન ધરાવનારા સચિવો, સલાહકારો રહે નહીં ત્યારે રાજયમાં ગુણો અને સારા કાર્યક્રમના નિર્ણયોને અનુસરનારી નીતિ પણ રહેતી નથી પરિણામે અનીતિ અને ખોટા નિર્ણયો નો વિસ્તાર વધે છે.

આમ રાજનીતિ અને વહીવટી તંત્ર બગડી જતાં રાજયની ધૂરા - લગામ રાજાના હાથમાં રહેતી નથી અને ગુન્હેગારો-બૂટલેગરો અને તેમને પોષનારા-છાવરનારા પોલીસ અધિકારીઓના હાથમાં જ આવી પડે છે આવું રાજય છિન્નભિન્ન થઇ જાય છે.

## સુવિચાર

- દરેક માનવીમાં 'દયા' તો સહજ રીતે હોવી જ જોઇએ, માણસ દયાવાન હોય એ કૌતક નથી પણ દયાહીન હોય એ જરૂર આશ્ચર્ય-જનક છે **- હરિભાઇ કોઠારી**
- રાજા (નેતા) દયાહીન થઇ પ્રજાનું શોષણ કરવા લાગે ત્યારે ધરતીમાંથી રસ-કસ ચાલ્યાં જાય છે **- કલાપી**
- જે બૂરાઇનો બદલો પણ ભલાઇથી આપે છે તેને ખૂદા ચાહે છે **- મહંમદ પયગંબર**
- દયા અને ક્ષમા એ માનવ ધર્મનો અર્ક છે **- અશો જરથુષ્ટ્ર**
- જે માણસ જ્ઞાન અને ધર્મની વાતો કરે પણ જો હૃદયમાં દયા ન હોય એ નરકગામી થાય છે **- કબીર**
- જયાં દયા ન હોય ત્યાં અહિંસા અસંભવિત છે **- ગાંધીજી**
- દયા રાખવી એ આપણી નૈતિક ફરજ છે **- ગૌતમ બુધ્ધ**

## બોધ કથા

પુરૂષ પ્રધાન સમાજમાં વાંક-દોષ હંમેશાં સ્ત્રીનો જ દેખાય છે. અરે, સાસુમાઓ સ્ત્રી હોવા છતાં પણ તટસ્થ રહી નથી શકતી. બાળક ન થતું હોય તો પણ માત્ર સ્ત્રીનો દોષ-બાળક માટે જૂના સમયમાં બીજા લગ્ન પણ કરતો. એવી જ રીતે પુરૂષની ટેવો-સ્વભાવ-વર્તન-આચરણ સ્ત્રીએ જ બધું સહન કરવાનું?! પતિએ એ અંગે કંઇ વિચારવાનું જ નહીં?!

**એક પતિને એવો વહેમ પડી ગયો કે પત્ની એની અવગણના કરે છે કોઇ વાત સાંભળતી નથી.** જવાબ જ દેતી નથી, એને કારણે ઉશ્કેરાટ રહેતો કયારેક ઝગડો પણ થતો. એક વાત બે-બે, ત્રણ-ત્રણ વાર કહે ત્યારે પત્ની જવાબ આપે.. પછી એને વિચાર આવ્યો કે પત્ની ને પ્રશ્ન પૂછવાથી એ તેની તરફ જોતી નથી એટલે કદાચ 'બહેરાશ' આવી ગઇ છે પણ સંકોચવશ કહેતી નથી.

પતિના કાનના ડોકટર પાસે ગયો. વાત કહી, પૂછ્યું - જાણવું કેમ એ ખરેખર બહેરી થઇ ગઇ છે?

ડોકટરે સલાહ આપી તમે એક પ્રશ્ન પહેલાં ચાલીસ ફૂટથી, પછી ત્રીસ ફૂટથી એમ તદ્દન નજીક જઇ પૂછો પછી તમને જવાબ મળે ત્યારે નક્કી થઇ જશે કે કેટલા ફૂટથી તેણી સાંભળી શકે છે!

પતિએ ઘેર જઇ ચાલીસ ફૂટથી- ત્રીસ - વીસ એમ તદ્દન નજીક જઇ પ્રશ્ન પૂછયો, રસોઇ થઇ ગઇ છે?

છેલ્લે પત્ની તાડૂકી ચાર-ચાર વખત કહ્યું કે "થઇ ગઇ છે!" તમે સાંભળતાં નથી કે શું?!

પતિની બધી ગેરસમજ દૂર થઇ ગઇ અને પોતે જ કાનનો ઇલાજ કરાવવા એ જ ડોકટર પાસે ગયો..

# હવે તો પપ્પા-મમ્મી આઉટડેટ થઇ ગયા છે...

**ચિંતન સભા**
**- પોપટલાલ પ્રજાપતિ**

અમેરિકાના પ્રમુખ ઓબામા ચર્ચની પ્રાર્થનામાંથી બહાર આવ્યા ત્યારે એક પત્રકારે પ્રશ્ન કર્યો "સર, તમારા કુટુંબના સંદર્ભમાં તમે ભગવાનને શું પ્રાર્થના કરી?" ઓબામાએ ગંભીરતાથી જવાબ આપ્યો, "મારી પુત્રી માલિયા રાત્રે ઘેર પરત આવવાની હોય તેવી પાર્ટીમાં એકદમ ટૂંકું કહી શકાય તેવું સ્કર્ટ પહેરીને જતી હોય ત્યારે હું ઇશ્વરને પ્રાર્થના કરીશ કે ભગવાન, મારી પુત્રી પાર્ટીમાં પહોંચે ત્યાં સુધીમાં તેનું આવું ચુસ્ત અને ટૂંકું મીની સ્કર્ટ લાંબુ થઇ જાય." નથી લાગતું કે ઓબામાએ યુવાન પુત્રોના પ્રત્યેક માબાપની વેદનાને વાચા આપી છે? રોજ બદલાતી જતી જિંદગી અને આધુનિકતાની ઘેલછામાં કયારેક યુવાની એવા પ્રસંગો ઉભા કરે છે કે વડીલોને એવી લાગણી થાય કે શું અમો હવે આઉટડેટ થઇ ગયા? અમે આજદિન સુધી જીવ્યા તે જિંદગી વ્યર્થ હતી?

દીકરો કે દીકરી ૨૦ વર્ષના થાય એટલે એમને એવું લાગે છે જાણે આખી દુનિયાનું ડહાપણ અમારામાં આવી ગયું છે. અમો સ્વતંત્રપણે વિચારવાને અને વર્તમાનને સક્ષમ છીએ. એક દીકરીએ પિતા આગળ પ્રસ્તાવ મુક્યો કે હું લગ્ન કર્યા સિવાય મારા મિત્ર સાથે લિવ ઇન રીલેશનમાં અલગ રહેવા માગુ છું. તમે મને રોકી નહી શકો કે ઇમોશનલ બ્લેક મેઇલીંગ પણ નહિ કરી શકો. હું પુખ્ત ઉંમરની છું. અને છોકરી બિન્દાસ રીતે તેના મિત્ર સાથે અલગ રહેવા પણ લાગી. એટલું જ નહિ તેણે પિતા વિરૂધ્ધ કોર્ટમાં અરજી પણ કરી કે મારા પિતાએ મારા ભરણપોષણ માટે દર મહિને પાંચ હજાર રૂપિયા આપવા અથવા પાંચ લાખ ઉચ્ચક પેટે આપવા અને તેણે કોર્ટને વિનંતી પણ કરી કે, મારા પિતા મને ઇમોશનલ હેરેસમેન્ટ ન કરે તે માટે જામીન લેવા. યુવાનો જો એમ વિચાર કે, અમે પુખ્ય વયના થયા છીએ તો બાપ પણ પરિપક્વ બન્યો જ છે. જો તેઓ એમ માને કે અમે જાત કમાવા અને પગભર થવા શક્તિમાન છીએ તો પછી બાપ પાસે ભરણપોષણ માગી લાચારી શા માટે વેઠવાની?

બાપની મિલકતમાં ભાગ પડાવવાની કાયરતા શા માટે? શું પુખ્યવયે ઝિંદાદીલી ન આવે? પુખ્યવયે સ્વમાન કે મગરૂબી ન આવે? માત્ર પુરૂષ મિત્ર સાથે અલગ રહેવાથી જ બિન્દાસપણુ આવી જાય? શું આધુનિક યૌવન એમ માને છે કે માપાપ હવે એક્સપાયર ડેટ થઇ ગયા છે? તેઓ ફક્ત અમોને જન્મ આપે અને અમારી જરૂરિયાત પુરી કરે, અમારે શું કરવું, કેવી રીતે કરવું તે વિશે અમોને સલાહ ન આપી શકે. અમે "બંગલ ઇન ધ જંગલ" જેવી પાર્ટીઓમાં ધૂમ મચાવી શકીયે, અમો મોજ મજા ખાતર એકાદ પેગ લઇ શકીએ, અમે હુક્કાબારમાં દમ મારી આવીએ, અમો પુરૂષમિત્ર કે સ્ત્રી મિત્ર સાથે નશાની હાલતમાં અડધી રાત્રે ગમે ત્યાં ફરી શકીએ. અમે ચિકન પણ ખાઇએ કે મુરઘી પણ ખાઇએ એ અમારો પોતાનો નિર્ણય હોઇ શકે. તમારે ભક્ત આ મનોરંજન માટે અમોને પૈસા જ આપવાનાં. આ પૈસા આપવાનો તમે ઇન્કાર ન કરી શકો, આ તો બાપ-દાદાની મિલકત છે. પપ્પા, હવે જમાનો બદલાયો છે અમે જે કરીએ કે કહીએ એમાં તમારે માત્ર સંમતિ જ આપવાની, નહિ તો હું કેનાલમાં પડીશ કે પંખે લટકીશ... અમે ટેસ્ટ ખાતર મૈત્રી કરાર કરીએ, ફાવે તો ઠીક નહીંતર જુદા...!! એમાં શું થઇ ગયું, લગ્ન કરવું, જિંદગીભર કોઇ એક જ પાછળ જીવન પૂરું કરવું એની ખામીઓ અને દુર્ગુણોને સહન કરવા આ બધુ અમોને ન ફાવે. ચારિત્ર્ય અને સંસ્કાર આ તો બધું વેવલાપણુ છે. અમોને આ બધું જ ન ફાવે. વડીલો, તમને નથી લાગતું કે હવે તમે આઉટડેટ થઇ ગયા છો?

એક પ્રોફેસરના પિતાએ જિંદગીના ઉત્તરાર્ધમાં દીકરાને પ્રશ્ન કર્યો કે હવે હું વૃધ્ધ થયો છું અને તારા સમર્થનની જરૂર છે ત્યારે એ પ્રોફેસરે નફ્ફટાઇથી જવાબ આપ્યો કે તમે મને જન્મ આપીને કંઇ મારા પર ઉપકાર નથી કર્યો (પછીનું વાક્ય અહિં લખી શકાય તેમ નથી, મર્યાદા ભંગ થાય...) આ જવાબ સાંભળી બાપ સૂનમૂન થઇ ગયો તેણે ફરી કયારેય જબાન ન ખોલી... બાપને લાગ્યું શું મારા વિચારો જૂનવાણી થઇ ગયા છે? કે હું આઉટડેટ થઇ ગયો છું? કોલેજમાં ભણતી એક બિન્દાસ યુવતી કયારેક વિચાર થાય તો સિગારેટનો કસ ખેંચી લે છે, તેણે એક દિવસ પપ્પાને કહ્યું, હાય ડેડ, એક ખુશીના સમાચાર આપવાના છે, હું પ્રેગનન્ટ છું... પપ્પાએ હળવો એટેક આવી ગયો. તું શું વાત કર છે? આપણી આબરૂનું શું? દીકરી બિન્દાસપણે બોલી - ડેડ, આ બધા જૂના વિચારો છે ત્યારે બાપને લાગ્યું હવે ખરેખર હું ડેડ (મરેલો) થઇ ગયો છું. પપ્પા-મમ્મી! સાવધાન થઇ જાઓ, તમારે શું વિચારવું? સંસ્કાર કોને કહેવાય? સભ્યતા એટલે શું? કૌટુંબિક ભાવના કોને કહેવાય? લાગણી કોને કહેવાય? આ બધા પાઠ તમારે નવેસરથી શીખવા પડશે કારણ કે, તમે હવે આઉટડેટ થઇ ગયા છો...

# આળસ અને નિરાશા ખંખેરી દેશની તરૂણ શક્તિ જાગ્રત થશે તો દેશની કાયા પલટ થશે, દેશની પ્રૌઢશક્તિ થનગનતી તરૂણાઈને પોતાના અનુભવથી દિશા આપશે તો ભારત વિશ્વની સર્વોચ્ચ શક્તિ બની શકે તેમ છે

**'રાત અંધેરી, ન દિયા ન બાતી,**
**ફિર ભી ગીત સુબહ કા ગાના હોગા...'**
**- હર્ષદ. પ્ર. શાહ**

રાજકારણની લપસણી ધરતીમાં પડ્યા વિના જેમણે અત્યાર સુધી સ્વસ્થતાપૂર્વક મક્કમ ડગલાં ભર્યે રાખ્યાં છે અને રાજનીતિને ઉચિત દિશા આપવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે, એવા રાષ્ટ્રભક્ત રાજનેતા અને કવિ શ્રી અટલબિહારી બાજપેયીની એક કાવ્યપંક્તિને મારા આ લેખનું શીર્ષક બનાવવાનું પ્રલોભન હું રોકી શક્યો નહીં કારણ કે એ પંક્તિ ઘણુંબધું કહી જાય છે... એમાં વિધેયાત્મક, હકારાત્મક વલણનું દર્શન થાય છે... એમાં આશાવાદ ડોકિયાં કરી રહેલો જણાય છે... એમાંથી આત્મવિશ્વાસ નીતરે છે... એમાં પ્રચંડ મનોબળનું દર્શન થાય છે. અને માટે જ એ સમયોચિત પણ છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત પ્રકૃતિના ચક્રના બે છેડા છે. એક પછી એક એમનું આવવું અને જવું એ એક સ્વાભાવિક ક્રમ છે. સૂર્યોદય અજવાળું લઈને આવે છે, સૂર્યોદય અંધારું. અંધારું છે માટે જ અજવાળું કેવું હોય તે સમજાય છે. અંધારું છે માટે અજવાળઆની કિંમત છે. સૂર્યાસ્ત થાય, અંધારપટ સર્જાય... ને કોઈ કહે કે અરે! અંધારું જ અંધારું! આ કયારે દૂર થશે? અજવાળું જ નહીં થાય તો? એમ અંધારામાં બેસી નિરાશવાણી વદનારને સ્વભાવિક ક્રમે અજવાળું થાય ત્યાં સુધી પ્રકાશનું કિરણ સાંપડતું નથી. પણ ઊભા થઈને દીવો, વાટ અને તેલ શોધી દીવાસળીની એક સળીની દીવો પેટાનવારને જલદીથી પ્રકાશ સાંપડે છે.

પણ... કયારેક તો એવું પણ બને કે દીવો કે વાટ કંઈ જ ન મળે. તો પણ હૃદયમાં આગ પેટાવી આગળ વધનારા વીરલા મળી આવે છે. ઉચ્ચ પ્રકારના વિધેયાત્મક મનઃસ્થિતિ ધરાવનારા એ લોકો છે. એમના મનમાં જ આશાનો દીપ સદૈવ જલતો હોય છે... અને એમાં શ્રધ્ધાનું તેલ ઉમેરીને પરિશ્રમની વાટ સળગાવી પ્રકાશ પાથરવાની એમની અદ્‌ભુત ક્ષમતા હોય છે. આવા મહાપુરૂષો પોતે જ સમિધા બની યજ્ઞમાં આહુત થાય છે. જાતે સળગીને બીજાને પ્રકાશ આપે છે. પોતાની જાતને સાચવીને એક ખૂણામાં બેસી રહેતા નથી. સાચા અર્થમાં તેઓ પરિવર્તનના વાહક બને છે. ટાંચા સાધનો હોય તો તેથી તેઓ કયારેય નિરાશા અનુભવતા નથી. ઊલટું અનેકગણા ઉત્સાહ અને સાહસથી કામે લાગી જતા હોય છે.

**ક્રિયા સિધ્ધિઃ સત્ત્વે ભવતિ મહતાં નોપકરણે ।**

મહાપુરૂષોને કોઈ સાધનો કે ઉપકરણઓને કારણે નહીં, એમના પોતાના સત્ત્વને કારણે ક્રિયાસિધ્ધિ મળતી હોય છે.

મહારાણા પ્રતાપ પાસે ન હતું સૈન્ય, ન હતાં શસ્ત્રો, ન હતું ધન. પણ ઝઝૂમ્યા... ખૂબ ઝઝૂમ્યા. અકબરને આંખે તમ્મર લાવી દીધા. તન અને મન સ્વસ્થ થયા, ઉરમાં લક્ષ્યની આગ હતી માટે ધન પણ આવી મળ્યું... ભામાશાહ મળ્યા.

ગુરૂ ગોવિંદસિંહે જુલ્મી શાસનને જળમૂળમાંથી ઉખેડી નાખવા જીવનભર યુધ્ધ કર્યું. સુખ-વૈભવનો ત્યાગ કર્યો. ચાર-ચાર પુત્રોનાં હસતાં મુખે બલિદાન દીધાં... અને એમને આવી મળ્યા બંદા વૈરાગી.

સ્વામી વિવેકાનંદ પાસે શિકાગો જવાની વ્યવસ્થા ન હતી, જેમ તેમ કોઈએ વ્યવસ્થા કરી એમને ત્યાં મોકલ્યા. પાસે બિલકુલ પૈસા નહીં. લાકડાના ખોખામાં રાતવાસો કરીને કડકડતી ઠંડી સહેનાર એ યુગપુરૂષે શિકાગોના વિશાળ હૉલમાં વાણીથી ગરમી અને પ્રકાશ ફેલાવી દીધાં.

એવા એક વડાપ્રધાન પણ આ દેશને મળ્યા - લાલબહાદુર શાસ્ત્રી. અકિંચન... પોતાને માટે પોતાની પાસે કંઈ ભેગું ન કરનાર એ માનવી અઢળક યશ-કીર્તિ મેળવી ગયો.

અટલજીએ પણ આ કાવ્યપંક્તિનું સર્જન કર્યું હશે ત્યારે આવાં અનેક ઐતિહાસિક પાત્રો એમના માનસપટ પર જીવંત બની ઊપસી આવ્યાં હશે. આ સદીના આઠમા દશકામાં તેઓ જયારે વિદેશપ્રધાન હતા ત્યારે તેમણે દેશનું કેવું ગૌરવ અપાવ્યું હતું તે જનતાના સ્મરણમાં હશે જ. યુનોમાં હિન્દીમાં પ્રવચન કરી દેશની અસ્મિતાને વાચા આપનાર અટલજી બધાને યાદ હશે જ. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય તખ્તા પર પાકિસ્તાને 'કાશ્મીર' મુદ્દે પરાસ્ત કરનાર અટલજીની પ્રતિભા બધાને યાદ હશે જ.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# અમિતાભ બચ્ચન, જહોન અબ્રાહમ, દીયા મિર્ઝા, મહેન્દ્રસિંગ ધોની, હરભજનસિંહ, ઇરફાન પઠાણ, ભૂટિયા જેવી ફિલ્મી અને રમતગમત ક્ષેત્રની સેલીબ્રિટીસ પણ વાઘના બચાવ અભિયાનમાં સક્રીય રીતે જોડાઇ છે

**વન્યસૃષ્ટિ પરિચય**
**વાઘના શિકારી - નજરે ચઢે ગોળી મારો**
**- હેમંત સુથાર**

"નજરે ચઢે ગોળી મારો - શૂટ એટ સાઇટ" નો હુકમ દુશ્મન દેશનાં સૈનિકો માટે, રાષ્ટ્રની સંપત્તિને નુકશાન કરનાર માટે કે પછી માનવના જીવનનું જોખમ હોય ત્યારે અપાય છે, કોઇ વન્યજીવને કારણે કોઇ માનવ મૃત્યુ થવાની સંભાવના હોય ત્યારે તેવા માનવભક્ષી વન્યજીવને ગોળીએ મારવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ કોઇ માનવને કારણે કોઇ વન્યજીવને હાનિ થાય તેમ હોય ત્યારે તેવા માનવને શૂટ કરવાનો હુકમ કયારેય સાંભળ્યો નથી.

તાજેતરમાં મહારાષ્ટ્ર રાજયના જંગલ વિસ્તારોમાં રાષ્ટ્રીય પ્રાણી એવા વાઘના ઉપરાછાપરી ગેરકાયદેસર શિકારના કિસ્સાઓ બનવા પામ્યા હતા. તેને ધ્યાનમાં લઇને થયેલ રજૂઆતોને ધ્યાનમાં લઇને મહારાષ્ટ્રના વનમંત્રીશ્રી દ્વારા રાજયના "ટાઇગર રીઝર્વ" વિસ્તારના કોર વિસ્તાર ભાગમાં કોઇ પણ વ્યક્તિ વાઘનો શિકાર કરતાં કે તેને પકડવાની ટ્રેપ ગોઠવતાં નજરે ચઢે કે તુરંત તેને ગોળીએ મારવાના હુકમ કરવામાં આવેલ છે. આવા કાર્ય માટે ગુનેગારને ગોળી મારનાર વનકર્મી સામે કોઇ પણ પ્રકારનો ગુનો ગણવામાં આવશે નહીં.

વર્ષ ૨૦૧૦માં રાષ્ટ્રીય કક્ષાએ વાઘની અદ્યતન અને આધારભૂત છેલ્લી વસ્તી ગણતરીના અંદાજ પ્રમાણે દેશમાં ૧૭૦૬ જેટલા વાઘ છે. આ આપણાં ગુજરાતમાં વર્ષ ૧૯૯૭ બાદ એક પણ જોવામાં આવ્યો નથી. આ રીતે ગુજરાત રાજય વર્ષોથી વાઘ વિહોણું છે. મહારાષ્ટ્ર રાજયની વાત કરીએ તો વર્ષ ૨૦૧૦ની ગણતરી પ્રમાણે ત્યાં અંદાજે ૧૬૯ જેટલા વાઘ છે. એક અભ્યાસ પ્રમાણે દેશના કુલ ૧૭૦૬ વાઘ પૈકી ૫૦૦ થી વધુ એટલે કે ૩૦ ટકા જેટલા વાઘ જંગલના રક્ષિત વિસ્તારોની બહાર રહેતાં નોંધાયા છે. આ રીતે વાઘ પરનું જોખમ વધી જાય છે.

વર્ષ ૧૯૯૪ થી લઇને વર્ષ ૨૦૧૧ ના દસકા દરમિયાન આપણાં દેશમાં પ્રતિ વર્ષ સરેરાશ ૫૧ વાઘના શિકાર થયા છે તે રીતે ગણતરી કરતાં છેલ્લા ૧૮ વર્ષમાં કુલ - ૯૨૬ વાઘના ચાલુ વર્ષ ૨૦૧૨માં અત્યાર સુધીમાં કુલ ૫૦ જેટલા વાઘ મૃત્યુ પામ્યા છે, તે પૈકી ૧૮ વાઘનો ગેર કાયદેસર શિકાર થયો છે.

એક માહિતી પ્રમાણે મહારાષ્ટ્ર સરકારનો ધ્યાને આવ્યું છે કે મધ્યપ્રદેશની વન્યજીવોના શિકાર માટે રાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધ બહેલીયા જાતિના શિકારી લોકોને મહારાષ્ટ્રમાંથી ૨૫ વાઘ મારીને પુરા પાડવા માટે ૪૦ લાખ રૂપિયાની સોપારી અપાઇ છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ વાતને ગંભીરતાથી લઇને લાગુ પડતાં તમામ વનકર્મીઓને રજાઓ ન આપવાનું, વાહનો અને હથિયારોની સગવડ પુરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. વન વિભાગમાં તાબાની ખાલી જગ્યાએ તુરંત ભરવા માટે ૫૦૦ થી નવા વનકર્મીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરાઇ છે અને તમામ વન વિસ્તારોમાં "રેડ એલર્ટ" જાહેર કરેલ છે.



મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરે દ્વારા વાઘના શિકારીને શૂટ કરનાર વનકર્મીને ૫,૦૦,૦૦૦/- રૂપિયા (પાંચ લાખ) નું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. તે જ રીતે વાઘના શિકારીઓની માહિતી આપનાર કોઇ પણ ઇસમને ૨,૦૦,૦૦૦/- રૂપિયા ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. વન કર્મીઓને લોકો દ્વારા આ પ્રકારનું સમર્થન મળવાથી તેવા અધિકારીઓ ભયમુક્ત બનીને અસરકારક પગલાં લેતાં ખચકાટ અનુભવશએ નહીં.

અમિતાભ બચ્ચન, જહોન અબ્રાહમ, દીયા મિર્ઝા, મહેન્દ્રસિંગ ધોની, હરભજનસિંહ, ઇરફાન પઠાણ, ભૂટિયા જેવી ફિલ્મી અને રમતગમત ક્ષેત્રની સેલીબ્રિટીસ પણ વાઘના બચાવ અભિયાનમાં સક્રીય રીતે જોડાઇ છે. એન.ડી.ટી.વી. દ્વારા તો ઘણા સમયથી મોટા પાયે "વાઘ બચાવ" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૮મી જુલાઇ**


**● હળવી શૈલીના લેખક ચીનુભાઇ પટવાની ૮-૭-૨૦૧૨ પુણ્યતિથિ. 'ચા પીતાં પીતાં' શ્રેણીના સર્જક, 'સોપારી', 'શંકુન્તલાનું ભૂત', 'ચાલો સજોડે સુખી થઇએ' જેવી ટીખળી વાર્તાઓનાં લેખક 'ફિલસૂફ' તીક્ષ્ણ વ્યવહાર બુધ્ધિ, અચળવાણીની ફાવટ ધરાવતાં હતા.**



**● ૧૯૫૪માં મોટામાં મોટો બંધ 'ભાખરા નાંગલ'નું પંડિત પંડિત જવાહરલાલ નહેરૂએ ઉદ્‌ઘાટન કર્યું.**

**● દુનિયામાં અહીં ગરીબીમાંથી અતિ ધનાઢ્ય થનારા થાર રોકલેફરનો જન્મ ૧૮૩૮.**

**● ૧૯૧૪ - ૨૫ વર્ષ**



**સુધી મુખ્યમંત્રી રહેનારા જયોતિ બસુનો જન્મદિન.**

**● જીવનકાળ દરમિયાન સાદાઇ - સરળતાથી રહેલાં સામાન્ય પ્રજાજનના અને જર્મનીના પ્રમુખ ભૂસ્તાવ હેનીમેનનું અવસાન - ૧૯૭૬.**

# લાંચ રૂશ્વત ધારાની સરળ સમજૂતી (The Prevention of corruption Act 1988 ની સરળ સમજૂતિ )

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

**લાંચ આપવી અને લેવી એ ભારતીય લાંચરૂશ્વત ધારા ૧૯૮૮ અન્વયે ગુનો બને છે તેમ છતાં લાંચ એ સમાજમાં ઉંધઇની જેમ ફેલાઇ ગયેલી અને સર્વસ્વીકૃત બાબત બની ગયેલ છે. જે આમ આદમીની રોજિંદા જીવનની ભાષામાં 'વ્યવહાર' શબ્દએ લીધું છે. પરંતુ સામાન્ય માણસ સીધું કામ કઢાવવા સરકારી તંત્રથી હેરાન પરેશાન થાય ત્યારે ના છૂટકે ના ઇલાજે લાંચના છટકામાં અધિકારી/ કર્મચારીને ટ્રેપ કરાવે છે.**

**રાજયસેવકની વ્યાખ્યામાં આવતા કોઇ પણ વ્યક્તિ, કર્મચારી/ અધિકારી, ખાતાકીય કામકાજ કરવા માટે ગેરકાયદે આપલે કરે તો "લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો - ACB " દ્વારા ટેપ ગોઠવી કલમ ૪(૧), ૫(૨), ૬ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી લાંચમાં વપરાયેલ ચલણી નોટો, સાધન સામગ્રી આરોપીના કપડા વિગેરે જપ્ત કરી ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવે છે. અને ACB ની સ્પે કોર્ટ દ્વારા સદર કેસ ચલાવવમાં આવે છે અને આરોપો સાબિત થતા દંડ અને સજાની જોગવાઇ મુજબ હુકમ કરવામાં આવે છે. સદર કેસ સેશન ટ્રાયબલ કેસ ગણવામાં આવે છે.**

**સાક્ષી તરીકે સરકારના બે કર્મચારીને લેવામાં આવે છે. સ્થળસ્થિતિનું પંચનામું, નિવેદન, સાક્ષી, રૂબરૂ લેવામાં આવે છે. ભોગવનાર વ્યક્તિ (ફરિયાદી) નું પણ નિવેદન જવાબ લેવામાં આવે છે. એવિડન્સ એક્ટ ૧૮૭૨ કલમ ૪.૩ તથા તથા ૧૩(૨) અને ૧૩ (૧) ડી મુજબ પુરાવા લેવામાં આવે છે.**

**સ્પે. જજ જે ગુના માટે પોતે દોષિત ઠેરવેલ વ્યક્તિને દોષિત ઠરાવી હોય તે ગુનાની શિક્ષા માટે કાયદા દ્વારા અધિકૃત કોઇ પણ સજા તેવી વ્યક્તિને કરી શકે છે.**

**પંચો સાક્ષીને એન્થ્રોસીન પાવડર અને અલ્ટ્રા વાયેલેટ લેમ્પના ઉપયોગ અંગે સમજાવવામાં આવે છે. તેમજ ફેનોલરેથલીન પાવડર અંગેની પણ માહિતી આપવામાં આવે છે. ચલણી નોટો ઉપર આવા પાવડરનો પ્રયોગ કરી લાંચ સ્વરૂપે આપવામાં આવે છે જે નોટોનું સાક્ષી રૂબરૂ પંચનામુ કરવામાં આવે છે. આવી નોટો આરોપી પાસેથી મળતા લાંચ લીધાનું પુરવાર કરવામાં આવે છે.**

**સરકારી કાર્યના સંબંધમાં કાયદેસરના મહેનતાણાં સિવાય લાંચ લેતા સરકારી નોકરો મોટે કલમ ૭ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.**

**સરકારી હોદ્દા ઉપરના હોય અને સરકારી હોદ્દા ઉપર છે તેમ કહી લાંચ માગવામાં આવે તો છેતરપીંડી માટે પણ ઘોષિત ગણી કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ લાંચ રૂશ્વત વિરોધી કાયદા અન્વયે દોષિત ગણાશે નહીં.**

**લાંચ કેસમાં ખાતાકીય કાર્યવાહી અલગથી કરવામાં આવે છે અને ડિસમીસ કે સસ્પેન્ડ કરવામાં આવે છે.**

**સરકારી કર્મચારી / અધિકારી પાસે અપ્રમાણસર મિલ્કત એટલે કે આવકનાં સાધનો કરતા વધુ મિલ્કત મળી આવે તો CBI દ્વારા આવી મિલ્કતની તપાસ કરવામાં આવે છે. હાલમાં જ એક કલાર્ક પાસેથી ૧૫ કરોડની બેનામી આવક મળી આવેલ... અન્ના હજારે, આંદોલનમાં વેગ પકડાયા બાદ લાંચ રૂશ્વતના કેસોનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે. "જાગો ભારત જાગો" ના નારાએ, ઘણા લોકોના ઇમાનને જગાડ્યા છે. દરરોજ અખબારમાં, ટેલિવિઝનમાં ન્યૂઝમાં લાંચ લેતા પકડાયેલ RTO Police, રેવન્યુ અધિકારી અંગેના સમાચાર જાણવા મળે છે. કોઇ પણ વ્યક્તિની ગેરવ્યાજબી માંગણી લોભ લાલચમાં વશ થયા સિવાય કાયદેસરના માપદંડને, સત્યતા સાથે સરખાવી સંયમ અને ધીરજથી કામ ઉકેલવામાં આવે તો દાબ દબાણમાં મુકી લાંચ આપવાના ગુનાહીત કૃત્યમાંથી સમાજ બચી શકે છે.**